પ્રેસ પ્રકાશન
**ભારતીય રિઝર્વ બેંક**
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : **www.rbi.org.in**
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

27 એપ્રિલ 2016

## કેપિટલ સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડે પરિચાલન શરૂ કર્યું

ભારતીય રિઝર્વ બેંકે આજે અધિસૂચિત કર્યું છે કે કેપિટલ સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડે 24 એપ્રિલ 2016 થી લઘુ નાણાકીય બેંક (એસએફબી) ના રૂપમાં તેનું પરિચાલન શરૂ કર્યું છે. રિઝર્વ બેંકે આ બેંકને ભારતમાં કારોબાર કરવા માટે બેંકિંગ નિયમન અધિનિયમ 1949ની કલમ 22 (1) ના અંતર્ગત લાઇસંસ જારી કર્યું હતું.

કેપિટલ સ્મૉલ ફાઇનાન્સ બેંક લિમિટેડને પહેલાની કેપિટલ લોકલ એરિયા બેંક લિમિટેડને રૂપાંતરિત કરીને સ્થાપિત કરવામાં આવી છે. પરિણામે, કેપિટલ લોકલ એરિયા બેંક લિમિટેડ 24 એપ્રિલ 2016 થી અસ્તિત્વમાં રહેશે નહીં. કેપિટલ લોકલ એરિયા બેંક લિમિટેડ, એ 10 અરજદારોમાં હતી જેને રિઝર્વ બેંક દ્વારા 16 સપ્ટેમ્બર 2015 ના તેના પ્રેસ પ્રકાશનમાં કરવામાં આવેલી ઘોષણા અનુસાર લઘુ નાણાકીય બેંક સ્થાપિત કરવા માટે સૈદ્ધાંતિક અનુમોદન આપવામાં આવ્યું હતું.

**અલ્પના કિલ્લાવાલા**
પ્રધાન પરામર્શદાતા

**પ્રેસ પ્રકાશન : 2015-2016/2511**